ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરના બાળકોમાં વધતું કોરોના સંક્રમણ

બાળરોગ નિષ્ણાત તબીબોને ત્યાં સારવાર માટે આવતા મોટાભાગના બાળકો કોરોના સંબંધિત તકલીફોવાળા : જો કે બાળકો ખૂબ જલ્દી રીકવર થઈ જાય છે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે. દર્દીઓની સંખ્યા દરરોજ વધી રહી છે. જો કે આ વખતે કોરોનાની ઝપેટમાં બાળકો પણ આવી ગયા છે. બાળરોગ નિષ્ણાંતોને ત્યાં આજકાલ સારવાર માટે આવતા બાળદર્દીઓ પૈકીના ૮૦ ટકા બાળદર્દીઓ કોરોનાના વિવિધ લક્ષણો ધરાવે છે. જો કે રાહતની વાત એ છે કે બાળકમાં રીકવરી ખૂબ જ સ્પીડી છે. કોરોનાના સંક્રમણમાં માર્ચ મહિનાથી ભારે ઉછાળો આવ્યો છે. એપ્રિલ માસમાં તો દરરોજ સંખ્યાબંધ કેસો આવી રહ્યા છે. આરટીપીસીઆર અને રેપીડ ટેસ્ટ પોઝીટીવની સંખ્યા વધતી જાય છે. આ વખતે આવેલી બીજી લહેર ઘાતક બની છે અને નવી વાત એ પણ જોવા મળી છે કે કોરોનાના નવા કેસમાં બાળકોનું પ્રમાણ વધુ છે.

શહેરના જાણીતા બાળ રોગ નિષ્ણાત ડૉ. રાજન દોશીના જણાવ્યા અનુસાર જે પણ બાળદર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે તે પૈકીના મોટાભાગના બાળકો કોરોનાના લક્ષણો સાથે સારવાર માટે આવી રહ્યા છે. તાવ, શરદી અને ખાંસીના લક્ષણો બાળકોમાં વધુ જોવા મળી રહ્યા છે. કેટલાક વાલી અગાઉથી જ કોરોનાનો ટેસ્ટ કરાવીને સારવાર માટે બાળકોને લાવી રહ્યા હોવાથી તેમની સારવાર ઝડપી શરૂ થઈ જાય છે. જો કે રાહતની વાત એ છે કે બાળકોમાં ભલે કોરોનાનું સંક્રમણ વધ્યું હોય પરંતુ તે વધુ ગંભીર નથી બનતું. પાંચથી સાત દિવસમાં જ સામાન્ય દવા સાથે બાળકો રીકવર થઈ જાય છે. જે બાળકોની રોગપ્રતિકારક શકિત ઓછી હોય તેમને જ વધુ તકલીફ થાય છે અને કયારેક દવાખાનામાં દાખલ કરવા પડે છે.

અન્ય એક બાળરોગ નિષ્ણાત તબીબે જણાવ્યું કે બાળકોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવે તો ફોન પર જ કન્સલ્ટીંગની સુવિધા ઉપલબ્ધ છે. બાળકો વધુ મજબૂત હોવાથી ખૂબ જ જલ્દી રીકવર થઈ જાય છે. વિટામીનની દવાઓ અને સામાન્ય એન્ટીબાયોટીક દવાઓથી જ તેઓ એકાદ અઠવાડિયામાં રીકવર થઈ જાય છે. બાળકોમાં સંક્રમણ વધ્યું ચોકકસ છે પરંતુ તે ગંભીર નથી. નવો સ્ટ્રેઈન બાળકોને પણ ઝપેટમાં લઈ રહ્યો છે. ગયા વખત કરતા આ વખતે બાળકો ઘરની બહાર વધુ નીકળી રહ્યા હોવાથી તેઓમાં સંક્રમણ વધ્યું છે.

જન્મદિને વધામણી

વનરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૯૪૨૯૮ ૯૦૬૨૩

મમતાબેન મજમુદાર

કોમલ ચૌધરી
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર, ફેમીના

લાંબી લચક લાઈનો અને ખૂટી પડતી ટેસ્ટીંગ કીટો વચ્ચે રઝળતા નાગરિકો

સેકટર-૨થી માંડીને વાવોલ સહિતના નવા સમાવિષ્ટ વિસ્તારોના આરોગ્ય કેન્દ્રો પર કીટો ખૂટી પડે છે : નવા વિસ્તારોમાં ટેસ્ટીંગ કેન્દ્રો વધારવાની જરૂરિયાત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં કોરોના મહામારીએ ગંભીર પરિસ્થિતિ પેદા કરી છે. શહેરના અર્બન હેલ્થ સેન્ટરો પર ટેસ્ટ કરાવવા માંગતા નાગરિકોની લાંબી લચક લાઈનો લાગી રહી છે પરંતુ બીજી તરફ ટેસ્ટીંગ કીટો જ ખુટી પડવાની સ્થિતિ સર્જાઈ રહી છે જેના કારણે અનેક નાગરિકોને ધરમધક્કા પડી રહ્યા છે. જેમાંથી ઘણા બધા પોઝિટીવ દર્દીઓ પણ હોય છે. માત્ર શહેરી વિસ્તારમાં જ નહી પરંતુ વાવોલ જેવા તાજેતરમાં મનપાની હદમાં ઉમેરાયેલા ગ્રામ્ય વિસ્તારોના જાહેર આરોગ્ય કેન્દ્રો પર પણ ટેસ્ટીંગ કીટ ખુટી પડવાની સમસ્યા સર્જાઈ રહી છે અને ટેસ્ટ બાકી હોવાથી યોગ્ય ઉપચાર પણ શરૂ થઈ શકતો નથી તેથી દર્દીઓ માટે પણ જોખમ વધી જવા પામે છે.

શહેરના સેકટર-૨ ખાતેના અર્બન હેલ્થ સેન્ટર પર રેપીડ એન્ટીજન અને આરટીપીસીઆર ટેસ્ટ કરાવવા માંગતા કોરોનાના લક્ષણો ધરાવતા દર્દીઓ સહિતના નાગરિકોની ખૂબ લાંબી લાઈનો લાગી રહી છે. સે-૨ના આ કેન્દ્ર પર માત્ર આસપાસના સેકટરના જ નહીં પરંતુ શહેરમાં સમાવિષ્ટ અન્ય દૂરના વિસ્તારોના નાગરિકો પણ ટેસ્ટ કરાવવા આવી રહ્યા છે. કેમ કે શહેરમાં સમાવાયેલા નવા વિસ્તારોમાં હજુ જોઈએ તેટલા પ્રમાણમાં ટેસ્ટીંગની સુવિધા નથી અને જે પીએચસી કેન્દ્રો પર ટેસ્ટીંગ થઈ રહ્યું છે ત્યાં મર્યાદિત સંખ્યામાં ટેસ્ટીંગ કીટસ આવે છે જેની સામે ટેસ્ટ કરાવનારાઓની લાઈનો ખૂબ લાંબી લાગતી હોવાથી ત્યાં પણ કીટસ ખૂટી પડી છે.

સિવિલ હોસ્પિટલમાં ટેસ્ટીંગ બંધ કરાયું હોવાથી સેકટર-૨ના અર્બન હેલ્થ સેન્ટર પર ભીડ વધુ જામી રહી છે તેથી દરરોજ કીટસ ખુટી પડવાની સમસ્યા સર્જાઈ રહી છે. ટેસ્ટીંગ કીટના અભાવે ટેસ્ટથી વંચિત રહી ગયેલા નાગરિકો પૈકી પોઝિટીવ દર્દીઓને ટેસ્ટ વગર સારવાર પણ શરૂ થઈ શકતી નથી તેથી તેમના પર સંક્રમણ ઘેરું બનવાનું સંકટ તોળાય છે તેમજ વારંવાર ટેસ્ટીંગ માટે ઉનાળાની ગરમીમાં કલાકો ઉભા રહેવું પડે છે તેથી તેમની તબિયત વધુ લથડે છે. તાજેતરમાં જ સેકટર-૭ના એક નાગરિકને સે-૨માં લાઈનમાં ઉભા રહેવાથી ચકકર આવવાની સમસ્યા સર્જાતી હતી તેથી તેઓ વાવોલના પીએચસી ખાતે પહોંચ્યા પરંતુ ત્યાં પણ ટેસ્ટીંગ કીટ પુરી થઈ ગઈ હોવાથી છેવટે તેમણે મોટી આદરજ આરોગ્ય કેન્દ્ર ખાતે જઈને ટેસ્ટીંગ કરાવ્યું હતું. જે આરટીપીસીઆર હોવાથી હજુ તેનો રિપોર્ટ બાકી છે. શહેરના મહિલા કોર્પોરેટર હીરલબેન જોષીએ શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં વધુ ટેસ્ટીંગ કેન્દ્રો શરુ કરવા રજુઆત કરી છે.

શહેરમાં સેનેટાઈઝેશન ફરી સઘન બનાવવું જરૂરી

સતત વધતા જઈ રહેલા કોરોના સંક્રમણની સામે આરંભે શૂરાની જેમ જયારે કેસ ઓછા હતા ત્યારે જે રીતે સેનેટાઈઝેશન અને જંતુનાશક દવાના છંટકાવની પ્રક્રિયા કરવામાં આવતી હતી તેની સામે અત્યારે સેકટરોની શેરીઓ-સોસાયટીઓમાં સેનેટાઈઝેશન સાથે જંતુનાશક દવાના છંટકાવની પ્રકીયા સઘન રીતે હાથ ધરવામાં આવે તે જરૂરી બન્યું છે.

સે-૨૦માં જાહેરમાં કચરો સળગાવવાની ઘટના

શહેરમાં સૂકાં પાંદડા સહિતના કચરાંને જાહેરમાં સળગાવવા પર સખત મનાઈ હોવા છતાં વારંવાર આ પ્રકારની ઘટનાઓ સર્જાતી રહે છે. સેકટર-૨૦માં સરકારી દવાખાના પાસે કોઈ અજાણ્યા ઈસમે કચરામાં લગાડેલી આગે ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ હતુ પરંતુ તે સમયે સ્થળ પર પહોંચેલા પ્રકૃતિપ્રેમીઓ કનુભાઈ દેસાઈ, રઘુભાઈ રબારી અને સંજયભાઈ ચાવડા વગેરેએ મળીને આગને હોલવી હતી. આ ઘટનાથી શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે અને જાહેરમાં કચરો સળગાવવાનું કૃત્ય કરતાં આવા ઈસમો વિરૂદ્ધ કડક હાથે પગલાં લેવાય તેવી લાગણી પ્રવર્તી રહી છે.

કલોલમાંથી ચોરીના બાઈક સાથે આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

કલોલ શહેરમાં ચોરાયેલા બાઈક સાથે આરોપી ઝડપાયો હતો. એલસીબી પીઆઈ જે. જી. વાઘેલાના માર્ગદર્શનમાં ટીમ પેટ્રોલિંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ લતીફખાન તથા કોન્સ્ટેબલ રાજવીરસિંહને સંયુક્ત રીતે બાતમી મળી હતી. જેના આધારે પોલીસે કલોલ કલ્યાણપુરા નવા શાકમાર્કેટ પાસેથી યુવકને ઝડપી પાડ્યો હતો. જેની પૂછપરછ કરતાં તે મહેસાણાનો કૃણાલ ધીરજભાઈ સીંગલ(રહે-અગોલ, કડી) હોવાનું સામે આવ્યું હતું. તેની પાસે રહેલાં **GJ-18-CB-3346** નંબરના સ્પ્લેન્ડર બાઈક અંગે આધારપુરાવા માંગતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેને પગલે તેની ઊંડાણપૂર્વક પૂછપરછ કરતાં બાઈક ચોરીનું હોવાની કબૂલાત કરી હતી. જેમાં ૧૩ એપ્રિલ મંગળવારના રોજ કલોલ સિટીમોલ નજીક આવેલા એક ઢોસાની દુકાન પાસેથી બાઈક ચોર્યું હતું. પૈસાની જરૂરિયાત હોવાને પગલે તે બાઈક વેચવા માટે ફરતો હતો અને પોલીસને હાથે ઝડપાઈ ગયો હતો. આરોપી અગાઉ મહેસાણા અને કલોલ શહેરમાં બાઈક ચોરીના ગુનામાં પકડાઈ ચૂકેલો છે.

સંસ્કૃતિ મહિલા મંડળ દ્વારા ઓનલાઈન આનંદનો ગરબો યોજાયો

ગાંધીનગર, તા.૧૫

આદ્યશકિત મા જગદંબાની આરાધનાનું ચૈત્રી નવરાત્રીનું પર્વ ચાલી રહ્યું છે અને આ સમયે કોરોના મહામારીનું સંકટ પણ છવાયેલું છે ત્યારે આ સંકટમાંથી મુકિત અપાવવા ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થાની મહિલાઓ દ્વારા ચૈત્રી નવરાત્રીમાં પ્રત્યક્ષ શકય ના હોવાથી ઓનલાઈન આનંદનો ગરબો યોજવામાં આવ્યો છે અને ઓખાહરણનું પઠન કરવામાં આવ્યું હતું. એવું માનવામાં આવે છે કે ઓખાહરણના પઠનથી રોગોમાંથી મુકિત મળે છે તેથી શ્રધ્ધાપૂર્વક તેનું મહિલાઓએ પઠન કરી સમગ્ર દેશ કોરોનામુકત બને તે માટે પ્રાર્થના કરી હતી.

ઈસનપુર મોટા ગામે સેઢા પાડોશી વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૧૫

ચિલોડા નજીક આવેલા ઈસનપુર મોટા ગામની સીમમાં બોરકુવા પર બે પાડોશી મારામારી પર ઉતરી આવ્યો હતો. જેથી સમગ્ર મામલો પોલીસ મથક ખાતે પહોંચતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ સંજય રામભાઈ પટેલ (ઉં.૩૫ ઘુઘરીયા વાસ) સાંજના ૪ વાગે ખેતરમાં હતા તે સમયે પાડોશમાં આવેલા ખેતરના માલિક કનુભાઈ ભાઈચંદભાઈ પટેલ દારૂ પીને રાજાપાઠમાં આવી જઈને ગાળો બોલતા હતા. ગાળો બોલવાની ના પાડતા તેઓ ઉશ્કેરાઈ લાકડી લઈને આવ્યા હતા. અને ફરીયાદીના પિતા પર હુમલો કર્યો હતો. હોહા થતા થોડીવારમાં કનુભાઈના ભાઈ દાંતી વડે હુમલો કર્યો હતો. પિતાને બચાવવા જતા સંજયભાઈ અને તેમના પત્નિને બેઠો માર વાગ્યો હતો. ઝઘડામાં આસપાસના નાગરીકો આવી જતા બંને એ એક બીજાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બીજીતરફ કનુભાઈ પટેલ એ ફરીયાદ નોંધાવી હતી.તેમના દાવા પ્રમાણે પાડોશમાં રહેતા રામભાઈ શીવાભાઈ પટેલ બોરકુવા પર આવી જતા બોલાચાલી કરતા હતા. તેમને બોલવાની ના પાડતા તેઓએ લાકડી વડે હુમલો કર્યો હતો અને તેમના બે દિકરા સંજય તથા સુરેશને ફરીયાદીને ગડદાપાટુનો માર માર્યો હતો. બુમાબુમ થતા દોડી આવેલા તેમના ભાઈઓએ તેમને બચાવ્યા હતા. કોઈએ ફોન કરતા પોલીસ આવી જતા ત્રણેય વ્યકિતએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ચિલોડા પોલીસ દ્વારા સામ-સામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉનાળામાં આકાશેથી વરસતી કારમી ગરમી અને અગનગોળામાં તાજાં ફળો તથા તેના જયુસ ઠંડક આપવાનું કામ કરે છે જેથી આ સીઝનમાં તેની માંગ વધુ રહેતી હોય છે, જો કે અત્યારે કોરોના મહામારીનો સૌથી કપરો કાળ ચાલી રહ્યો છે અને સામાન્ય માનવી કયાંક લોકડાઉન લાગી જશે તેના ભયમાં આવનારા સમય માટે નાણાં બચાવવા કરકસર કરવાનો અભિગમ અપનાવી રહ્યો છે જયારે ધનિકો કયાંક સંક્રમણનો ભોગ બની ન જાય તે બીકે બહાર જઈને પ્રત્યક્ષ ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. આ સ્થિતિમાં શહેરના ફળોના વેપારીઓની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થઈ જવા પામી છે કેમકે એક તરફ બે પૈસા રળવા ઉનાળાની આકરી ગરમીમાં ગ્રાહકની રાહ જોઈને સતત હાજર રહેવું પડે છે અને બીજી તરફ કોરોના કાળની અસરમાં ગ્રાહકો પણ મળવા મુશ્કેલ બની રહ્યા છે.

ગાંધીનગર શહેરના કોરોનાની મહામારીમાં સંપૂર્ણ હોમ કવોરન્ટાઈન દર્દીઓ માટે શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક ટીફીન સેવા

પેકીંગ ભોજન સેવાનો લાભ લેવા સંપર્ક કરો – ૯૪૯ ૯૪૯ ૯૪૯૦

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાનો વ્યાપ ખૂબ જ વધ્યો છે. કોરોનાની મહામારીના કારણે સંપુર્ણ ફેમિલી હોમ કવોરન્ટાઈન હોય અને જમવાનું બનાવી શકે તેવી પરિસ્થિતિ ના હોય તેવા લોકો માટે શિક્ષાપત્રી ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા નિઃ શુલ્ક ટીફીન સેવા કોરોના દર્દીઓ માટે શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર ચૌધરી સમાજના પૂર્વ પ્રમુખ શ્રી વિષ્ણુભાઇ ચૌધરીએ જણાવ્યું છે કે, આ સેવાનો લાભ લેવાનો હોય તેમણે ૯૪૯૯૪ ૯૯૪૯૦ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે. આ સેવાનો લાભ લેવા પરિવારનો કોરોના પોઝિટીવ રીપોર્ટ વોટ્સઅપ કરવાનો રહેશે. એક દિવસ અગાઉ સવાર- સાંજ કેટલા ટીફીન જોઈશે તેની વિગત પણ આ નંબર ઉપર મોકલવાની રહેશે.

શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેરના કોરોના દર્દીઓ માટે એક હજાર જેટલાં પેકીંગ લંચ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બપોરે મઠાઇ, કઠોળ, સબ્જી, રોટલી, દાળ-ભાત, સલાડ તથા સાંજ માટે ખીચડી-કઢી, સબ્જી અને ભાખરી કોરોનાના દર્દીઓને ઘર આંગણે પહોંચાડવાની સેવાકીય પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે.

કોરોના મહામારીથી મુકિત માટે સેકટર-૧૩માં વૈદિક અગ્નિહોત્ર યજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

કોરોના વાયરસની બીજી લહેર પહેલાં કરતા પણ વધુ ઘાતકી નીવડી રહી છે. આ સ્થિતિમાં 'ડૂબતો તરણું ઝાલે' ની જેમ જેને જે ઉપાય સુઝે તે કરીને આ મહામારીમાંથી છુટકારો મળે તે માટે પ્રયાસો કરી રહ્યા છે.

આજ ઉદ્દેશથી શહેરના સેકટર-૧ ઉના કાચા છાપરામાં રહેતા એક મહિલા શ્રધ્ધાળુ કપિલાબેન મહેશભાઈ મકવાણાએ તેમના યજમાનપદે વૈદિક અગ્નિહોત્ર યજ્ઞનું આયોજન કર્યું હતું. જેમાં યજ્ઞ પંડિત તરીકે રાજય યોગ બોર્ડના યોગ શિક્ષક ગિરીશભાઈ આર્યએ સેવાઓ આપી હતી. વૈદિક યોગ પ્રચાર અંતર્ગત 'સર્વ મંગલ, સર્વ નિરામય'ના ભાવ સાથે યોજવામાં આવેલ આ વૈદિક અગ્નિહોત્ર યજ્ઞમાં સ્વસ્તિવાચન અને શાંતિકરણ પાઠ બાદ મૃત્યુજંપ મહામંત્ર સહિત દિવ્ય ઓષધિયુકત વિશેષ આહુતિ પ્રદાન સાથે દૂષિત જીવાણુઓનો નાશ થાય અને ઉત્તમ સ્વાસ્થ્ય સાથે વિશ્વમાંથી કોરોના મહામારી દૂર થાય તે માટે કામના કરવામાં આવી હતી. આ પ્રકારના વૈદિક અગ્નિહોત્ર યજ્ઞના નિઃશુલ્ક આયોજન માટે ગિરીશભાઈ આર્યનો સંપર્ક સાધી શકાશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

સે-૧૪માં મફત આયુર્વેદિક ઓર્ગેનિક ઉકાળા વિતરણ

ગાંધીનગર, તા.૧૫

કોરોના મહામારીથી સુરક્ષિત રહેવા અને શરીરમાં રોગ પ્રતિકારક શકિત વધે તે હેતુથી પ.પૂ. સમર્થ શ્રી પ્રાગજીદાસ બાપુની રામવાડી અન્ન ક્ષેત્ર ટ્રસ્ટ, વેસ્ટર્ન એગ્રી સીડસ લિ., ગાંધીનગરના એન.પી. પટેલ દ્વારા વિવિધ સ્થળે વિના મૂલ્યે ઉકાળા વિતરણનું કાર્ય શરુ કરવામાં આવેલ છે. આજે સેકટર-૧૪ના શોપીંગ સેન્ટર ખાતે વસાહતીઓએ મોટી સંખ્યામાં આયુર્વેદ ઔષધિવાળા ઉકાળાનો લાભ લીધો હતો. સેકટરના અગ્રણીઓ અને વસાહતીઓએ આવી સુંદર સેવા બદલ આભાર માન્યો હતો. દરરોજ સવારે ૯ થી ૧૦માં શોપીંગ સેન્ટરે વિના મૂલ્યે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ચાવડા બૈસુબેન નવલસિંહ, ઉ.વ.૭૫, નાંદોલ, દહેગામ
- સ્વ. પટેલ ગોવિંદભાઈ હરગોવનભાઈ, ઉ.વ. ૬૨, રાણીપ, અમદાવાદ
- સ્વ. ગોલ જગતસિંહ ફતાજી, ઉ.વ. ૭૫, વાવોલ
- સ્વ. પટેલ ભૂપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૨૨
- સ્વ. પ્રજાપતિ કનુભાઈ મોહનભાઈ, ઉ.વ. ૫૬, બોપલ, અમદાવાદ
- સ્વ. રાણા વિનાબા મનુજી, ઉ.વ. ૬૦, ધણપ
- સ્વ. પટેલ ગીતાબેન નારણભાઈ, ઉ.વ. ૫૫, સેકટર-૨૩
- સ્વ. પ્રજાપતિ સીતાબેન સોમાભાઈ, ઉ.વ. ૭૫, ટીંટોડા
- સ્વ. ચૌધરી બાબુભાઈ માનાભાઈ, ઉ.વ. ૭૩, બાલવા, માણસા
- સ્વ. રાંદેરીયા હરેશભાઈ પ્રબોધભાઈ, ઉ.વ. ૩૭, સેકટર-૧૫
- સ્વ. પ્રજાપતિ ઈશ્વરભાઈ સોમાભાઈ, ઉ.વ. ૮૫, સાંપા, દહેગામ
- સ્વ. ત્રિપાઠી માયાબેન ભાસ્કરભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૨૪
- સ્વ. મહારાજા ઈન્દ્રવદન નટવરલાલ, ઉ.વ. ૭૬, ગુલાબ, કડી
- સ્વ. પટેલ દિવાબેન સાકળચંદ, ઉ.વ. ૭૨, કોબા
- સ્વ. શ્રીમાળી રમણલાલ ગોવિંદભાઈ, ઉ.વ. ૭૬, વાવોલ
- સ્વ. પટેલ ગૌરીબેન અંબારામ, ઉ.વ. ૭૩, સેકટર-૨૪
- સ્વ. સુથાર ભુપેશભાઈ માણેકલાલ, ઉ.વ.૪૧, શેરથા
- સ્વ. પ્રજાપતિ જગદીશભાઈ કચરાજી, ઉ.વ.૬૫, સેકટર-૧૪
- સ્વ. પટેલ ગંગાબેન સોમાભાઈ, ઉ.વ. ૭૫, આલમપુર
- સ્વ. મોદી હીરાબેન ચંદુલાલ, ઉ.વ. ૭૬, સેકટર-૨૯
- સ્વ. પરમાર દિનેશજી દેસાજી, ઉ.વ. ૩૨, પેથાપુર
- સ્વ. બારીયા સુખાભાઈ નાનાભાઈ, ઉ.વ. ૪૮, સેકટર-૧૭
- સ્વ. ખેર કૈલાસબા ગોબરસિંહ, ઉ.વ. ૫૯, રાયસણ
- સ્વ. પટેલ શંકરભાઈ રણછોડદાસ, ઉ.વ. ૭૯, કલોલ
- સ્વ. રાવલ ચંદુલાલ કાલીદાસ, ઉ.વ. ૬૮, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. મુલાણી ડિમ્પલ દિપક, ઉ.વ. ૨૬, સેકટર-૨૪
- સ્વ. જોષી સરોજબેન અરવિંદકુમાર, ઉ.વ. ૫૧, નાના ચિલોડા, અમદાવાદ
- સ્વ. ભાવસાર રાજેશ દિપેશભાઈ, ઉ.વ. ૪૭, સેકટર-૨
- સ્વ. બિહોલા જસુબા સતુજી, ઉ.વ. ૬૦, સેકટર-૨૯
- સ્વ. વાણી રવિકાન્તાબેન ચંદ્રવદન, ઉ.વ. ૮૭, સેકટર-૨૩
- સ્વ. મકવાણા રમેશભાઈ રામજીભાઈ, ઉ.વ. ૫૫, ધરમપુર, કડી
- સ્વ. રાવલ રિતીકા ભૂપેન્દ્રભાઈ, ઉ.વ. ૩૪, કુડાસણ
- સ્વ. જયસ્વાલ શર્મિષ્ઠાબેન દીલીપભાઈ, ઉ.વ. ૬૨, કલોલ
- સ્વ. પરમાર ખેંગારભાઈ વરૂભાઈ, ઉ.વ.૭૨, સેકટર-૨૪
- સ્વ. આચર્ણ ગોપાલ સવજી, ઉ.વ. ૬૮, કલોલ
- સ્વ. પટેલ સતીષભાઈ અમૃતભાઈ, ઉ.વ. ૪૭, સુંદરપુર, વિજાપુર
- સ્વ. દવે અરૂણાબેન હરીપ્રસાદ, ઉ.વ. ૯૦, કોબા
- સ્વ. પટેલ ગીતાબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૬૦, રાણીપ, અમદાવાદ
- સ્વ. પરમાર જસુમતીબેન લક્ષ્મણભાઈ, ઉ.વ. ૬૨, સેકટર-૨૪
- સ્વ. ઠક્કર ગીરીશભાઈ બેચરદાસ, ઉ.વ. ૫૯, સેકટર-૩૦
- સ્વ. પરમાર મોતીબેન શનાભાઈ, ઉ.વ. ૭૫, જાખોરા
- સ્વ. ગામેતી અલકાબેન પ્રકાશભાઈ, ઉ.વ. ૫૫, સેકટર-૪
- સ્વ. પટેલ સાકળચંદ માધવલાલ, ઉ.વ. ૭૦, ત્રાસવાડ, વડનગર
- સ્વ. ખાંટ રઈજીજી કાળાજી, ઉ.વ. ૫૯, બોરીજ
- સ્વ. પંચાલ રક્ષાબેન અનિલકુમાર, ઉ.વ. ૬૪, સેકટર-૫
- સ્વ. પટેલ નટવરભાઈ ભલાભાઈ, ઉ.વ. ૭૨, પલસાણા, કલોલ
- સ્વ. પટેલ વિઠ્ઠલભાઈ શંકરભાઈ, ઉ.વ. ૬૩, કોબા
- સ્વ. જાડેજા બીનાબેન મહોબતસિંહ, ઉ.વ. ૬૧, પેથાપુર
- સ્વ. ગોદકર સદાશિવરાવ રામચંદ્રરાવ, ઉ.વ. ૬૬, સેકટર-૨૫
- સ્વ. દવે જસુમતીબેન સુરેશભાઈ, ઉ.વ. ૮૩, સેકટર-૨૨
- સ્વ. ચૌધરી કમુબેન બાબુજી, ઉ.વ. ૬૪, પલીયડ, કલોલ

●રૂદ્રભૂમિ ●

- સ્વ. જાની ઈન્દીરાબેન ભાનુપ્રસાદ, ઉ.વ. ૮૫, સેકટર-૪
- સ્વ. પટેલ શંભુભાઈ સોમાભાઈ, ઉ.વ. ૭૨, રીદ્રોલ, માણસા
- સ્વ. ઠાકોર વિરાજી સેંધાજી, ઉ.વ. ૬૨, કુડાસણ
- સ્વ. જોશી હસમુખલાલ નર્મદાશંકર, ઉ.વ. ૬૩, સેકટર-૪
- સ્વ. પટેલ કપીલાબેન જગદીશભાઈ, ઉ.વ. ૫૩, માણસા
- સ્વ. વાઘેલા ભારતીબેન ધર્માજી, ઉ.વ. ૪૦, સેકટર-૨
- સ્વ. આચાર્ય પ્રવિણભાઈ રમણલાલ, ઉ.વ. ૬૯, બોરીસણા, કલોલ
- સ્વ. મજમુદાર રતના, ઉ.વ. ૫૦, કુડાસણ